Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૯ મું. વિક્રમ સંવત્ ૧૯૬૮. પોષ. અંક ૬ નો.

## પ્રભુ સ્તુતિ.

### સ્રગ્ધરા.

જેના [1]ગર્જારવેથી અતિ ભય ધરતા કર્મહસ્તી[2] વિનાશે,
કંપી નાશે ભયેથી સહુ અઘ[3] મૃગલા નાદ કેરા વિલાસે;
ત્રાસેથી દૂર ભાગે વિપદ[4] કર બધા વિઘ્ન [5]જંબૂક [6]વાજે,
વંદો તે ભાવથી આ જગત વન વિષે કેશરી [7]વીર ગાજે. ૧

## ( ઈર્ષા–પચ્ચીશી ).

### ( કામ છે દુષ્ટ વિકારી, જગત માંહે—એ રાગ. )

ઇર્ષા ડાકણ ભારી; જગત માંહે, ઇર્ષા ડાકણ ભારી.
વિઘ્નસંતોષિ ઘરે નિત વસતી, ઉર માંહે અસી ધારી. ॥ જ ॥ ૧
શોક તણા હૃદયે પણ જેહની, હાજરી આવતી સારી ॥ જ. ॥ ૨
શેઠ ગ્રહિણી વંધ્યા મુળા, હૃદયે ખાર અપારી ॥ જ. ॥ ૩
પટકાંતિ પંજા માંહે તસ, ચંદન રાજય કુમારી. ॥ જ. ॥ ૪

---

૧ ગર્જનાના શબ્દથી. ૨ કર્મરૂપી હસ્તી. ૩ પાપરૂપી મૃગલાઓ. ૪ વિપત્તિને કરનારા ૫ વિઘ્ન–અંતરાય રૂપી શીયાળ ૬ વેગે. ૭ શ્રી વીર પ્રભુરૂપી કેશરીસિંહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃથ્વિ તળ પાવન કરતા તવ, પૂર્ણ અભિગ્રહ ધારી ॥ જ. ॥ ૫
અડદ તણા બાકુળ લઇ વિરજીન, શાશ્વત સુખ દઈ તારી.॥ જ. ॥ ૬
મુહૂર્ત લઇ કરતા શુભ દશરથ, રામની રાજ્ય તૈયારી. ॥ જ. ॥ ૭
કૈકેયી ઉરવસી કોલ ગ્રહિલે, દશરથ પ્રાણ ધૂતારી. ॥ જ. ॥ ૮
મેઘતણી વૃષ્ટિએ ધરામાં, વનસ્પતિ સર્વ વધારી. ॥ જ. ॥ ૯
દેખી જવાસો જાય સુકાઈ, મળતાં નીર્મળ વારી. ॥ જ. ॥ ૧૦
ચોમાસે જોબન મદમાતિ, જોઇ સરિતા સારી ॥ જ. ॥ ૧૧
સાયર દુબળો થાય તે મળતા, લહેરો નાખે ઉતારી. ॥ જ. ॥ ૧૨
સારૂં દેખી સહન નહીં થાયે, ઉરમાં તાપ અપારી. ॥ જ. ॥ ૧૩
પુર્વ તણી પુન્યાયે પામતાં, વૈભવ સુખ અપારી. ॥ જ. ॥ ૧૪
દેખી હૃદય પ્રગટે હુતાશન, જે ફરતા મન ધારી. ॥ જ. ॥ ૧૫
નાત જાત વ્યવહારે ઘરોઘર, પેસવા હિમ્મત ધારી. ॥ જ. ॥ ૧૬
માન અને અપમાનની વાતો, કાન ધરે બહુ ધારી. ॥ જ. ॥ ૧૭
જ્યાં ત્યાં ભટકે લાગ સાધતી, પેસવા ગોતતી બારી. ॥ જ. ॥ ૧૮
લાગ મળે પેસી પટકાવે, આત્મીક ધન હરનારી. ॥ જ. ॥ ૧૯
કયાં સુધી આ પંચમકાળે, પહોંચી તેની પથારી. ॥ જ. ॥ ૨૦
ધાર્મીક ખાતાઓ નિદ્રાવશ, દિધા કૈક ઉતારી. ॥ જ. ॥ ૨૧
દેખી હૃદય દ્રવે સજ્જનનું, હાય હવે તો પોકારી. ॥ જ. ॥ ૨૨
સમજ્યા ત્યાંથી પ્રહર ગણીને, ટાળી દ્યો હદ પારી. ॥ જ. ॥ ૨૩
સંપ તણા સાધનથી છટકે, હિમ્મત જાતિ હારી. ॥ જ. ॥ ૨૪
વિરતનું "દુર્લભ" નરભવ પામી, વિરતા બતાવો ભારી.॥ જ. ॥ ૨૫

દુર્લભજી ગુલાબચંદ વળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમદ્ ચિદાનંદજી મહારાજકૃત પદ.

અનુવાદક.

## ( શ્રીમન્મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

સુઅપ્પા આપ વિચારોરે, પરપખ નેહ નિવાર, સુઅપ્પા૦

એ આંકણી.

પર પરણીત પુદ્ગલ દિસારે, તામે નિજ અભિમાન;
ધારત જીવ એહી કહ્યા પ્યારે, બંધ હેતુ ભગવાન—સુ૦ ૧

કનક ઉપલમે નિત્ય રહેરે, દૂધ માંહે પુની ઘીવ;
તિલ સંગ તેલ સુવાસ કુસમે સંગ, દેહ સંગ તેમ જીવ—સુ૦ ૨

રહત હુતાશન કાષ્ઠમેંરે,પ્રગટે કારણ પાય;
લહી કારણ કારજતા પ્યારે, સહેજે સિદ્ધિ થાય—સુ૦ ૩

ખીર નીરકી ભિન્નતારે, જૈસેં કરત મરાલ;
તૈસેં ભેદ જ્ઞાની લહ્યા પ્યારે, કટે કર્મકી જાલ—સુ૦ ૪

અજ કુલવાસી કેસરીરે, લેખ્યો જિમ નિજ રૂપ;
ચિદાનંદ તિમ તુમહૂ પ્યારે, અનુભવ શુદ્ધ સ્વરૂપ—સુ૦ ૫

વ્યાખ્યા—સદ્ગુરૂ સુશિષ્યને અથવા શુદ્ધ ચેતના અંતર આત્માને સમજાવે છે કે હે ચકોર આત્મા! તું પોતેજ વિવેકથી વિચાર કરી પર પુદ્ગલિક વસ્તુમાં તને જે પ્રેમ બંધાયો છે તે તજી દે.

પર વસ્તુમાં જે રાગ દ્વેષ રૂપે પરિણામવું, જડ વસ્તુ ઉપર મોહ ધારવો, ઇષ્ટ અનિષ્ટ વસ્તુ માની એક ઉપર રાગ અને અન્ય ઉપર દ્વેષ કરવો એવી રીતે જડ વસ્તુમાં કર્તૃત્વ અભિમાન–અહંકાર અને મમકાર કરનાર જીવજ વિવિધ જ્ઞાનાવરણી પ્રમુખ કર્મોથી બંધાય છે. મતલબ કે દેહાદિક પુદ્ગલ અથવા લક્ષ્મી કુટુંબ પરિવાર પ્રમુખ પરવસ્તુઓમાં 'હું અને મારાપણાની બુદ્ધિ વડેજ જીવ કર્મવડે બંધાય છે' જો વિવેકથી વિચાર કરે તો સમજી શકાય કે પોતે જે દેહને નિત્ય ધારી રહ્યો છે તે પણ જોત જોતામાં વિણસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાયછે તો લક્ષ્મી કુટુંબ પરિવારાદિકનું તો કહેવુંજ શું ? ગમે તેટલાં વલખાં મારવામાં આવે તો પણ જે વસ્તુ કદાપિ કોઇની થઈ નથી થતી નથી અને થવાની પણ નથી તેવી પર વસ્તુમાં ખોટી મમતા કરવાથી શું વળવાનું ? કશુંએ નહિં. તો પછી તેવી અનિત્ય અસાર પર વસ્તુ ઉપર રાગ દ્વેષ કે મોહ કરવો યુક્ત નથી કેવળ તેમાં સાક્ષી ભાવેજ વર્તવું ઉચિત છે. ૧

જેમ પાષાણમાં સુવર્ણ સદાય રહે છે. દૂધમાં ઘી સદાય રહે છે તેમજ તલમાં તેલ અને પુષ્પમાં સુવાસ સદાય રહે છે તેમ દેહમાં જીવ–આત્મા અસંખ્ય પ્રદેશી વ્યાપી રહેલો છે. મતલબ કે જેમ પૂર્વોક્ત વસ્તુઓમાં રહેલા ભાવનો કોઇ વિદ્વાન ઇનકાર કરે નહિં પણ સ્વીકાર કરે તેમ શરીરમાં વ્યાપી રહેલા આત્મ તત્ત્વનો પણ કોઈથી ઇનકાર કરી શકાય તેમ નથી. ૨

જેમ કાષ્ટમાં અગ્નિ ગુપ્તપણે રહેલો હોય છે તે નિમિત્ત પામીને પ્રગટ થાય છે તેમ દેહમાં રહેલું આત્મ તત્ત્વ પણ તદનુકૂલ કારણ–સામગ્રી પામીને પ્રગટ થઈ શકે તેમ છે. મતલબ કે કોઈ પણ કાર્ય સિદ્ધિ કરવા ઇચ્છનારે તેના અનુકૂળ કારણ કલાપની ગવેષણા પણ અવશ્ય કરવી જોઇએ એવો વ્યવહાર પ્રસિદ્ધજ છે. ૩

જેમ રાજ હંસ પંખી પોતાની ચંચુ વતી દૂધ અને પાણીને ભિન્ન ભિન્ન કરી નાંખે છે તેમ ભેદ જ્ઞાન ( વિવેક—વિજ્ઞાન ) વડે કર્મની જાળ તોડી શકાય છે. મતલબ કે જે કર્મ જાળ યોગે આત્મતત્ત્વ પ્રગટ અનુભવી શકાતું નથી તે કર્મજાળ ભેદ જ્ઞાનવડે ભેદી શકાય છે. સ્વપરને જડ–ચેતનને જેનાવડે સારી રીતે સ્પષ્ટપણે ઓળખી શકિયે તે ભેદ જ્ઞાન કહેવાય છે. તેવા ભેદજ્ઞાનની પ્રાપ્તિ થવાથી નિર્મળ શ્રદ્ધાપ્રગટેછે અને તે જ્ઞાન અને શ્રદ્ધા યોગે ચારિત્ર પ્રાપ્ત થાય છે. એવી રીતે નિર્મળ રત્નત્રયી પ્રાપ્ત કરી તેનું યથાર્થ આરાધન કરવાથી સમસ્ત કર્મ–આવરણ ક્ષય પામી જાય છે. એટલે તીવ્ર તાપયોગે સમસ્ત મળનો ક્ષય થઇ જવાથી જેમ શુદ્ધ કાંચન પ્રગટે છે તેમ સમસ્ત કર્મ મળનો ભેદ જ્ઞાન યોગે શુદ્ધ કરણી કરવાથી સર્વથા ક્ષય થતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધ આત્મ તત્ત્વ સાક્ષાત પ્રગટે છે—સ્વાનુભવ ગોચર થાય છે. તેથી જે શુદ્ધ આત્મ તત્ત્વ પ્રગટ કરવાના ખરેખરા અર્થી છે તે શુદ્ધ રત્નત્રયીને પુર્વોક્ત રીતે પ્રાપ્ત કરી જડ–પર વસ્તુ ઉપરની મમતા માત્રને તજી દુર્ધર મનને પણ વશ કરી દુષ્કર તપશ્ચર્યા વડે સમસ્ત કર્મ મળનો સર્વથા ક્ષય કરી નિજ આત્મ તત્ત્વને પ્રગટ કરી શકે છે. મતલબ કે સત્ય પુરૂષાર્થથીજ સ્વકાર્ય સિદ્ધ થાય છે. ખાલી બકવાદ કરવાથી કશું વળતું નથી તેમજ અજ્ઞાન આચરણ માત્રથી પણ હિત સંભવતું નથી. જે મહાશયો સમ્યગ્ જ્ઞાન સહિત સમ્યગ્ કરણી કરે છે તેજ નિજ આત્મતત્ત્વ પ્રગટ કરી શકે છે. ૪

અદ્યાપિ પર્યંત આપણે આત્મ તત્ત્વ ઓળખ્યું નહીં, પરમાત્મ સ્વરૂપ જાણ્યું નહીં તો ખેર ! હવે જ્યારથી સ્વપરની ઓળખાણ થઇ, આત્માની સત્તાગત અનંત શકિતનું ભાન થયું. તે શકિતને દબાવી દેનાર કર્મ શકિત–રાગ દ્વેષ મોહાદિકને તેમજ તે કર્મ શકિતને તોડી નાંખનાર આત્મજ્ઞાન (ભેદજ્ઞાન), આત્મ શ્રદ્ધા અને આત્મ રમણ રૂપ રત્ન ત્રયીને તેમજ કર્મના મદને ગાળનાર તપને જ્યારથી આપણે ઓળખી શકયા ત્યારથી શ્રદ્ધા હિંમત રાખી સ્વપુરૂષાર્થનો આશ્રય લઇ પોતાની જે અનંત શકિત દબાઇ રહી છે તેને પ્રગટ કરવા લગારે પ્રમાદ કરવો ઘટતો નથી. જેમ બાળપણાથી બકરાના ટોળામાં ઉછરેલું કેસરીસિંહનું બચ્ચું કવચિત્ તેવુંજ નિમિત્ત પામીને પોતાની જાતિના કેસરીસિંહને તેના સિંહનાદ પ્રમુખથી ઓળખી લઇ પોતે તે બકરાના ટોળાનો ત્યાગ કરી સિંહનુંજ સાથી થઇ જાય તેમ અનાદિ વિભાવ પરિણતિ કુમતિના સંગથી સ્વસ્વરૂપ ભુલી પર વસ્તુમાં મોહ મમત્વ બાંધી પોતે જે પ્રમાદવશ અનંતકાળ વીતાવ્યો છે તેજ ભુલ કોઇ સદગુરૂએ આપેલી સુમતિના યોગે ભાગવાથી અદ્ભુત રત્નત્રયીને સ્વપુરૂષાર્થથી મેળવી, તેને યથાવિધ આરાધી દુષ્કર તપથી સમસ્ત કર્મ મળનો સર્વથા ક્ષય કરી આપણે આપણું શુદ્ધ આત્મ તત્ત્વજ પ્રગટ કરી લેવાનું છે.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મજ્ઞાનનો સરલ–શુદ્ધમાર્ગ.

ગતાંકપૃષ્ટ ૧૩૭ થી શરૂ.

**હવે સમ્યકત્વના સડસઠ પ્રકારોનું વર્ણન કરીએ છીએ.**

**સમ્યકત્વના બીજા સડસઠ ભેદો.**

હવે વિસ્તારરૂચિ જીવોના ઉપકારને માટે સમ્યકત્વના સડસઠ ભેદો કહે છે. ચાર પ્રકારની શ્રદ્ધા, ત્રણ લિંગ, દશ વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દૂષણ રહિત, આઠ પ્રભાવક, પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ જયણા, છ આગાર, છ ભાવના અને છ સ્થાનક, એવી રીતે સમ્યકત્વના સડસઠ ભેદો થાય છે. એ સડસઠ ભેદોએ જે યુક્ત હોય તેને નિશ્ચયથી વિશુદ્ધ સમ્યકત્વ પ્રાપ્ત થાય છે.

**ચાર શ્રધ્ધા.**

૧ પરમાર્થની સ્તવના, ૨ પરમાર્થ જાણનારની સેવા એટલે તેની ગુરૂપણે માન્યતા, ૩ જેમણે સમ્યકત્વ વમેલું હોય તેવા વ્યાપન્ન દર્શનીઓનું વર્જવું, ૪ તથા અન્ય દર્શનીઓનો ત્યાગ કરવો. આ ચાર પ્રકારની શ્રદ્ધા કહેવાય છે. જેને આ ચાર શ્રદ્ધા હોય તેને અવશ્ય સમ્યકત્વ હોય છે.

**ત્રણ લિંગ**

જેનામાં સમ્યકત્વ હોય, તેને ઓળખવાના જે ચિન્હો તે લિંગ કહેવાય છે. ૧ શુશ્રુષા, ૨ ધર્મરાગ અને ૩ વૈયાવૃત્ય એ ત્રણ લિંગ જાણવા.

**દશ પ્રકારનો વિનય.**

૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ ચૈત્ય, ૪ શ્રુત, ૫ ધર્મ, ૬ સાધુવર્ગ, ૭ આચાર્ય ૮ ઉપાધ્યાય, ૯ પ્રવચન, અને ૧૦ દર્શન એ દશનો વિનય કરવો તે દશ પ્રકારનો વિનય કહેવાય છે. ભકિત—બહુમાન આદિથી વિનય કરાય છે.

**ત્રણ પ્રકારની શુદ્ધિ**

૧ જિન, ૨ જિનમત અને ૩ જિનમતને વિષે રહેલા જે સાધુ સાધ્વી વગેરે, તેનાથી બીજાને અસારરૂપે ચિંતવવા એ ત્રણ પ્રકારની શુદ્ધિ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પાંચ દૂષણ.** ૧ શંકા, ૨ કાંક્ષા, ૩ વિચિકિત્સા, ૪ કુદૃષ્ટિ પ્રશંસા અને ૫ કુદૃષ્ટિનો પરિચય એ સમ્યકત્વના પાંચ દૂષણો વર્જવા યોગ્ય છે.

**આઠ પ્રભાવિક.** ૧ પ્રવચની, ૨ ધર્મકથી, ૩ વાદી, ૪ નૈમિત્તિક ૫ તપસ્વી, ૬ પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાવાન ૭ ચૂરણ અંજનાદિકવડે સિદ્ધ અને ૮ કવિ—એ આઠ પ્રભાવિક કહેવાય છે.

**પાંચ ભૂષણ.** ૧ જીનમતને વિષે કુશળતા, ૨ જીન શાસનની પ્રભાવના કરવા પણું, ૩ તીર્થસેવા, ૪ જીનમતને, વિષે સ્થિરતા, અને ૫ જીનમતને વિષે ભક્તિ એ પાંચ સમ્યકત્વના ભૂષણ કહેવાય છે. કારણ કે, તે સમ્યકત્વને આભૂષણની જેમ શોભા પમાડનારા છે.

**પાંચ લક્ષણ** ૧ શમ, ૨ સંવેગ, ૩ નિર્વેદ ૪ અનુકંપા, અને ૫ આસ્તિકતા—એ પાંચ સમ્યકત્વના લક્ષણ છે. તે ઉપરથી સમ્યકત્વવાન્ પુરૂષ ઓલખી શકાય છે.

**છ યતના.** પરતીર્થિક આદિને ૧ વંદન, ૨ નમસ્કાર, ૩ આલાપ, ૪ સંલાપ, ૫ ખાનપાનનું દાન અને ૬ ગંધ પુષ્પાદિક અર્પવા—એ છ યતના વર્જવા યોગ્ય છે.

**છ આગાર.** ૧ રાજાના હુકમથી, ૨ સમુદાયની આજ્ઞાથી, ૩ બળવાન્ના હુકમથી, ૪ દેવતાની આજ્ઞાથી, ૫ દુર્લભ આજીવિકાથી અને ૬ મોટા મહાન્ પુરૂષના આગ્રહથી કાંઈ કરવું પડે તે આગાર કહેવાય છે, તે ઉપર પ્રમાણે છ પ્રકારના આગાર છે.

**છ ભાવના.** ૧ આ સમ્યકત્વ ચારિત્ર ધર્મનું મૂલ છે, ૨ આ સમ્યકત્વ ચારિત્ર ધર્મનું દ્વાર છે, ૩ આ સમ્યકત્વ ચારિત્ર ધર્મનો સ્તંભ છે, ૪ આ સમ્યકત્વ ચારિત્ર ધર્મનું આધારભૂત છે, ૬ આ સમ્યકત્વ ચારિત્ર ધર્મનું ભાજન છે અને ૬ આ સમ્યકત્વ ચારિત્ર ધર્મનું નિધાન છે. આ પ્રમાણે શાસ્ત્રમાં કહેલ છે, તેનું ચિંતવન કરવું, તે છ ભાવના કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**છ સ્થાનક.** ૧ જીવ છે, ૨ તે જીવ નિત્ય છે, ૩ તે જીવ કર્મો કરે છે, ૪ તે કરેલા કર્મને ભાગવે છે, ૫ મોક્ષ છે અને ૬ મોક્ષનો ઉપાય છે. એવી અસ્તિ (છે) પણે શ્રદ્ધા કરવી તે છ સ્થાનક કહેવાય છે.

આ પ્રમાણે સડસઠ ભેદે કરી સમ્યકત્ત્વ નિર્મલ હોય છે.

## ચાર શ્રદ્ધાનું સ્વરૂપ.

**તે સમ્યકત્વના સડસઠ ભેદોનું સવિસ્તર વિવેચન.** ૧ પરમાર્થ સંસ્ત્વ એટલે જીવ, અજીવ, પુણ્ય, પાપ વગેરે તાત્વિક પદાર્થોનો પરિચય, અર્થાત્ તેના સ્વરૂપ જાણવાનો વિશેષ ઉદ્યમ, રટણ, બહુમાન પૂર્વક જીવાદિ પદાર્થોને વિષે જે નિરંતર અભ્યાસ તે પ્રથમ શ્રદ્ધા કહેવાય છે. ૨ પરમાર્થને જાણનારાની સેવા એટલે પરમાર્થને જાણનારા આચાર્ય વિગેરેની ભક્તિ અર્થાત્ ઝવેરીની જેમ મુનિના ગુણોની પરીક્ષા કરી તેમની સેવા ભકિત કરવી. મુનિ સંવેગ એટલે મોક્ષાભિલાષના શુધ્ધ રંગના કલ્લોલને ઝીલનારા અર્થાત્ જેના ચિત્તમાં નિરંતર મોક્ષે જવાના તરંગ ઉઠી રહ્યા છે, એવા અને જે શુધ્ધ જૈન માર્ગને પ્રરૂપનારા છે, તેવા પુરૂષોની સેવા—ભકિત કરવાથી સમતારૂપ અમૃતનું પાન મળે છે. અને તેથી આત્માને વિષે આનંદ પમાય છે. એ બીજી શ્રદ્ધા છે.

૩ જેમણે જૈન દર્શનનો નાશ કર્યો છે, એવા અને પ્રભુના વચનને ઉથ્થાપનારા એવા નિન્હવો વગેરેને વર્જવા. કારણકે તે નિન્હવો સમ્યકત્વને ગ્રહણ કરી પુનઃ તેનું વમન કરનારા છે. અને પ્રભુના વચનથી વિપરીત રીતે વર્તનારા છે, તે ગોષ્ટા માહિલ વગેરે કહેવાય છે. તેવી રીતે યથાછંદા પુરૂષોને પણ વર્જી દેવા. તે લોકો આગમ ઉપર દૃષ્ટિને બંધ કરી સ્વચ્છંદે વર્ત્તનારા અને સ્વકપોલ કલ્પિત માર્ગે ચાલનારા છે. તેમનું આચરણ ગૃહસ્થના કરતાં પણ નઠારૂં છે. તેઓ કાચું પાણી પીવે છે, માથે તેલ ઘાલી મુંડાવે છે, કાચા પાણીએ ન્હાય છે, ધોવે છે, વસ્ત્રો ધોવરાવે છે, ગુપ્ત રીતે સ્ત્રી સેવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે, અને લોકોમાં પોતાને બ્રહ્મચારી કહેવરાવે છે, ઉપાન પ્રમુખ પહેરે છે અને મઠધારી થઇ રહે છે. પાસત્થા, ઉત્સન્ના, કુશીલીયા, સંસક્તા, યથાચ્છંદા એ પાંચ જીન મતમાં અવંદનીય કહેલા છે. મહાવીર પ્રભુના વેશની વિડંબના કરનારા, મંદ અને અજ્ઞાની એવા એ કુગુરૂને વર્જવાથી ત્રીજી શ્રદ્ધા પ્રગટે છે.

૪ ચોથી શ્રદ્ધા કુદર્શનને ત્યાગ કરવા રૂપ છે. કુદર્શન એટલે જૈન શિવાય બૌદ્ધ વિગેરેના દર્શનો તેનો ત્યાગ કરવાથી સમ્યકત્ત્વની ચોથી શ્રદ્ધા કહેવાય છે. એ ચાર શ્રધ્ધા ઉપરથી પુરૂષમાં સમ્યકત્ત્વની પ્રતીતિ થાય છે. સમ્યગ્દર્શનવાળા પ્રાણીઓએ પોતાના આત્માના ગુણોને નિર્મળ કરનારી એ પરમાર્થ પરિચય વિગેરે ચાર શ્રધ્ધાઓને નિરંતર ધારણ કરવી. તેમાં ખાસ કરીને ચોથી શ્રદ્ધામાં કહેલા અન્યદર્શનવાળા પુરૂષોનો સર્વથા ત્યાગ કરવાનો છે. કારણ કે, તે પોતાના દર્શનની મલિતાના હેતુ રૂપ છે. જો કુદર્શનીનો સંગ ન વર્જે તો જેમ ગંગાનું જલ લવણ સમુદ્રના સંસર્ગથી તત્કાલ ખારૂં થઈ જાય છે, તેમ સમ્યગદ્રષ્ટિના ઉંચા ગુણો તેવા કુગુરૂના સંસર્ગથી તત્કાલ નાશ પામી જાય છે; તેથી સર્વથા તેમનો સંસર્ગ વર્જવો; એવો જિનેશ્વરનો ઉપદેશ છે.

**ત્રણ લિંગની વ્યાખ્યા**

૧ શુશ્રુષા—એટલે સાંભળવાની ઇચ્છા. સદ્જ્ઞાનના હેતુ રૂપ એવા ધર્મશાસ્ત્ર સાંભળવા ઉપર પ્રીતિ. સાકરના સ્વાદથી પણ વધારે મધુર અને યુવાન અને સુંદર સ્ત્રીઓથી પરિવૃત થઈ દિવ્ય ગીતને સાંભળવાની ઇચ્છાવાળા ચતુર પુરૂષને જેવો રાગ થાય, તેવી રીતે ધર્મ સાંભળવાનો આત્માનો જે અધ્યવસાય તે શુશ્રૂષા નામે સમ્યકત્વનું પહેલું લિંગ ચિન્હ છે. જ્યારે ભવ્ય જીવને સમ્યકત્વ પ્રાપ્ત થયું હોય, ત્યારે એવા પરિણામ થાય છે.

૨ ધર્મરાગ—ચારિત્રાદિ ધર્મને વિષેરાગ તે ધર્મરાગ નામે બીજું ચિન્હ કહેવાય છે. એટલે કોઇ મોટી અટવીનું ઉલ્લંઘન કરી આવેલો અને ક્ષુધાથી જેનું શરીર ક્ષીણ થઇ ગયું છે, એવો બ્રાહ્મણ જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘેબર ખાવાની ઇચ્છા કરે તેમ સમ્યકત્વવાલો જીવ કોઇ કર્મદોષથી સદનુષ્ટાનાદિ ધર્મ કરવાને અશક્ત હોય પણ તેને ધર્મને વિષે તીવ્ર અભિલાષ હોય છે, તેવું ધર્મરાગનું ચિન્હ કહેવાય છે.

૩ દેવગુરૂની વૈયાવચ્ચ કરવાનો નિયમ એ સમ્યકત્વવંતનું ત્રીજુ ચિન્હ છે. દેવ એટલે અતિશય આરાધન કરવા યોગ્ય અરિહંત અને ગુરૂ એટલે શુધ્ધ ધર્મનો ઉપદેશ કરનારા આચાર્ય ભગવાન, તેમની વૈયાવચ્ચ કરવામાં યથાશકિત સેવા પ્રમુખ કરવાનો નિયમ, જે નિયમ શ્રેણિક વિગેરેને હતો. મહાન શ્રેણિક રાજાને એવો નિયમ હતો, કે જયારે પરમ તીર્થંકર મહાવીર ભગવાન જે દિશાએ વિચરતા હોય, તે સમાચાર જાણવામાં આવે ત્યારે, તે દિશાની સન્મુખ સુવર્ણના એકસો આઠ જવનો સાથીઓ કરી પછી દાતણ કરવું, તેવી રીતે દેવપૂજામાં પણ તેને એવો સાથીઓ કરવાનો નિયમ હતો, તે પ્રમાણે તે હરરોજ કરતો અને તેથી તેણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું હતું.તેવી રીતે બીજા પણ ભવ્ય જીવોએ એ પ્રમાણે યથાશકિત નિયમો ગ્રહણ કરવા યત્ન કરવો જોઈએ. એ શુશ્રૂષાદિ ત્રણે લિંગોથી સમ્યકત્વની ઉત્પત્તિનો નિશ્ચય થાય છે.

**દશપ્રકારના વિનયની વ્યાખ્યા.**

૧ અરિહંત એટલે તીર્થંકર ભાવજિન વિચરતા જિન. ૨ સિદ્ધ એટલે જેમના અષ્ટ કર્મ રૂપ મલના પડલ ક્ષીણ થઇ ગયા છે, એવા સિદ્ધ ભગવાન ૩ ચૈત્ય એટલે જિનેશ્વરની પ્રતિમા—મૂર્ત્તિ, ૪ શ્રુત એટલે સિદ્ધાંત—આચારાંગ આદિઆગમ. ૫ ધર્મ એટલે ક્ષમાદિક દશ પ્રકાર રૂપ. ૬ સાધુ વર્ગ એટલે શ્રમણ સમૂહ. ૭ આચાર્ય એટલે છત્રીશ ગુણના ધારક અને ગચ્છના નાયક. ૮ ઉપાધ્યાય એટલે શિષ્યો ને સૂત્રો ભણાવનારા, ૯ પ્રવચન એટલે જીવાદિ નવ તત્ત્વોને કહેનાર (અથવા સંઘ) ૧૦ સમ્યગદર્શન એટલે સમ્યકત્ત્વ અને તેની સાથે અભેદોપચારથી સમ્યકત્વવાન પણ દર્શન કહેવાય છે, પૂર્વે પણ સંભવ પ્રમાણે કહેવું. એ અરિહંતાદિક દશસ્થાનને વિષે પાંચ પ્રકારે વિનય કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિનયના પાંચ પ્રકારની વ્યાખ્યા.**

૧ ભક્તિ એટલે સાહામા જવું, અશનાદિક ચાર પ્રકારનો આહાર આપવો, અથવા જે યોગ્ય હોય તે આપવું, તે રૂપ બાહ્ય પ્રતિપત્તિ—બાહેરની દેખાતી સેવા. આમ ભક્તિ કરવાથી અન્ય જનો જાણે કે; 'આ ભકિતવંત છે,' તે જોઈ બીજાઓ પણ તેમ કરવાને પ્રવર્તે. અહીં બાહ્ય ભકિતનો અર્થ રાગ વિનાની ઉપરની ભકિત એવો અર્થ ન કરવો; કારણ કે, સમકિતગુણ હોવાથી જીવથી અંતર્દશારૂપ પરિણામવાળીજ ભકિત બને છે.

૨ બહુમાન એટલે મનમાં અતિશય પ્રીતિ.

૩ વર્ણન એટલે તેમના પ્રભાવિક ગુણોનું કીર્ત્તન–સ્તવન કરવું તે.

૪ અવર્ણવાદપરિહાર એટલે તેમની અપ્રશંસા–નિંદાનો ત્યાગ કરવો. બીજાના ઉત્તમ ગુણોની પ્રશંસા કરે, પોતાના ગુણોની ન કરે, અને જેથી ધર્મની લઘુતા થતી હોય, તેવા કામને ગોપવે—પ્રગટ ન કરે.

૫ આશાતનાપરિહાર—એટલે મન, વચન અને કાયાએ કરીને પ્રતિકૂલ પ્રવૃત્તિનો નિષેધ કરે એટલે જે જે કામ કરે તેમાં દેવ, ગુરૂ અને ધર્મની આશાતના કરે નહીં અને કરાવે નહીં. અર્થાત્ જિનમતની નિંદા, લઘુતા થવારૂપ આશાતના પણ ન કરે. એટલે પોતાના હૃદયને નઠારી પ્રવૃત્તિમાં નાંખે નહીં.

આ દશ પ્રકારનો દર્શન વિનય ઉપર કહેલા દશ સ્થાનોને આશ્રીને જાણી લેવો. સમ્યક્ત્વ હોયતોજ આ વિનય પ્રગટ થાય છે. તેથી તે દર્શનવિનય કહેવામાં આવ્યો છે.

**ત્રીજા ચૈત્ય વિનય વિષે વિવેચન.**

ચૈત્યનો અર્થ જિનેશ્વરની પ્રતિમા થાય છે. અથવા જિનબિંબ થાય છે. એ પ્રભુની પ્રતિમા કેવા સ્વરૂપવાળી અને કેટલા પ્રકારની છે? એવી શિષ્યની શંકા થતાં તેના ભેદ દર્શાવે છે. શ્રી જિનેશ્વરના ચૈત્યના પાંચ ભેદ છે. ૧ ભકિત ચૈત્ય, ૨ મંગળ ચૈત્ય, ૩ નિશ્રાકૃત ચૈત્ય, ૪ અનિશ્રાકૃત ચૈત્ય, અને ૫ શાશ્વત ચૈત્ય. ગૃહને વિષે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રોક્ત વિધિપૂર્વક લક્ષણાદિક સહિત પ્રતિદિન ત્રીકાલ પૂજા વંદના દિ કરવાને માટે કરાવેલી જે જિનપ્રતિમા તે ભક્તિ ચૈત્ય કહેવાય છે. એ પ્રતિમા ઘર દેરાસરમાં થાપવાને ધાતુની બનેલી અને અષ્ટ પ્રાતિહાર્ય સહિત થાય છે.

ઘરના દ્વાર ઉપર રહેલા ત્રીજા કાષ્ટ ( ઉત્તરાંગ )ના મધ્ય ભાગે સ્થાપેલા જિનબિંબને મંગલચૈત્ય કહે છે. લોકો માંગલિકને માટે તે દ્વારના કાષ્ટ ઉપર જિનમૂર્ત્તિ કોતરાવે છે. અને જો તે મંગલચૈત્ય હોય તોજ તે ઘરમાં રહે છે, અન્યથા રહેતા નથી. મંગલચત્ય વગરના ઘરમાં રહી શકાય નહીં, તે વિષે એક દ્રષ્ટાંત કહેવાય છે.

મથુરા નગરીને વિષે મંગલ નિમિત્તે પ્રથમ જિનપ્રતિમાની પ્રતિષ્ટા કરે છે. જિનબિંબનું સ્થાપન કરે છે. જે ઘરમાં મંગલચૈત્યનું સ્થાપન ન કર્યું હોય તે ઘર પડી જાય છે. શ્રી સિદ્ધસેનાચાર્યે કહ્યું છે કે " ઘર ઘર પ્રત્યે દ્વારના મધ્યભાગે—ઉત્તરાંગે શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સ્થાપે છે. " તે મથુરા નગરીમાં આજે પણ લોકોના ઘરના દ્વાર ઉપર મંગલ ચૈત્ય દેખાય છે. જે કોઇ ગચ્છ સંબંધી ચૈત્ય એટલે તપગચ્છ, ખરતરગચ્છ, કે અંચલગચ્છનું ચૈત્ય, તે નિશ્રાકૃત ચૈત્ય કહેવાય છે. તે ચૈત્યમાં તે તે ગચ્છના આચાર્યાદિકનો તેમાં પ્રતિષ્ટા પ્રમુખ કાર્યો કરવાનો અધિકાર હોય છે, બીજા ગચ્છના આચાર્યો બીજા ગચ્છ સંબંધી ચૈત્યમાં પ્રતિષ્ટા કરાવી શકતા નથી.

ઉપર કહેલ નિશ્રાકૃત ચૈત્યથી વિપરીત ભાવવાળું ચૈત્ય અનિશ્રા કૃત ચૈત્ય કહેવાય છે. તે ચૈત્યને વિષે સર્વ ગચ્છોના આચાર્યો પ્રતિષ્ટા કરાવી શકે છે. માલારોપણ વગેરે ચૈત્ય સંબંધી સર્વ કાર્યો કરવાનો અધિકાર સર્વ ગચ્છોના આચાર્યોને હોય છે. શત્રુંજયગિરિઉપર આદીશ્વર ભગવાનનું ચૈત્ય અનિશ્રાકૃત ચૈત્ય છે, તે ટુંકમાં સર્વ ગચ્છોના આચાર્યો પ્રતિષ્ટાદિ કરાવી શકે છે. ત્યાં સવાસોમજીના દેરાસરમાં દેવાજિ યતીને નામે ઓળખાતો યતિવર્ગ તેની માલેકી ધરાવી તેમાં પ્રતિષ્ટાદિ કરાવે છે. તે નિશ્રાકૃત ચૈત્ય કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચમુ સિદ્ધચૈત્ય તે સિધ્ધાયતનના નામથી ઓલખાય છે અને તેને શાશ્વત જિન ચૈત્ય પણ કહે છે.

૧ નિત્ય ચૈત્ય, ૨ દ્વિવિધ ચૈત્ય, ૩ ભકિતકૃતચૈત્ય, ૪ મંગળકૃતચૈત્ય અને ૫ સાધર્મિક ચૈત્ય. જે દેવલોકને વિષે શાશ્વત ચૈત્ય છે, તે નિત્યચૈત્ય કહેવાય છે.

બીજી રીતે ચૈત્યના પાંચ પ્રકાર.

બે પ્રકારે ભકિતએ કરેલા નિશ્રાકૃત અને અનિશ્રાકૃત (ભરતાદિકે જેમ કરાવ્યા હતા તેવા) એ બે પ્રકારના ચૈત્ય તે દ્વિવિધ ચૈત્ય કહેવાય છે. તે બીજો અને ત્રીજો ભેદ સમજવો. મથુરાનગરીની જેમ મંગળને અર્થે ગૃહદ્વારના મધ્ય ભાગે કાષ્ટ (ઉત્તરાંગ) ઉપર કરેલ ચૈત્ય તે મંગળચૈત્ય સમજવું. જે કોઈના નામથી દેવગૃહમાં પ્રતિમા કરાવી સ્થાપે તે સાધર્મિક ચૈત્ય કહેવાય છે. વાર્ત્તક મુનિના પુત્રે પોતાના રમણીય દેવગૃહને વિષે પોતાના પિતાની મૂર્ત્તિ સ્થાપી હતી. તે સાધર્મિક ચૈત્ય કહેવાયું છે.

હવે તે વાર્ત્તક મુનિના પુત્રની કથા કહેવામાં આવે છે.

અપૂર્ણ.

# જૈન સાહિત્ય.

આજ કાલ સાહિત્યની ભારે ચર્ચા ચારે તરફ ચાલી રહી છે. ભારત વર્ષના વિવિધ દેશોમાં જુદી જુદી ભાષાઓના સાહિત્યને ખીલવવાની પરિષદો સ્થપાતી જાય છે. તેમાં દક્ષિણ, બંગાલ, અને ગુજરાતમાં તે ઉપયોગી વિષય ઉપર તે તે ભાષાના સાહિત્યવેત્તાઓનું લક્ષ ખેંચાયું છે અને સર્વ પોતપોતાની ભાષાના અને ધર્મના સાહિત્યને માટે બહુ પરિકર થયા છે. ત્યારે જૈન બંધુઓ તેને માટે કાંઇ પણ વિચાર કરતા નથી, એ ઘણું શોચનીય છે. સાંપ્રતકાળે ગુજરાતી સાહિત્ય પરિષદમાં અનેક વિષયો ચર્ચાતા જૈન સાહિત્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષે થોડો ઘણો ઉહાપોહ થયો હતો, પણ તે તદ્દન અપૂર્ણ હતો, તેનું મુખ્ય કારણ એ છે કે, આધુનિક નવી કેળવણી પામેલા જૈન વર્ગ તો તે તરફ ઉપેક્ષા બતાવે છે. માત્ર ગણ્યા ગાંઠયા સાક્ષાત રો શિવાય બીજા કોઇ સાક્ષરે તેમાં ભાગ લીધો નથી, તે સાથે જણાવવાનું કે, ઘણા સાક્ષરો જૈન હોવા છતાં પોતાના સાહિત્યની સેવા કરવાને ઉપેક્ષા રાખે છે. જો તેઓ જૈન સાહિત્યના વિશાળ ક્ષેત્રમાં રમ્યા હોય અને જૈન સાહિત્યના પૂર્ણ સ્વરૂપને જાણી શકયા હોય તો તેઓ પોતાના સાહિત્યને આગળ વધારવા તત્પર થઇ શકત. પણ જ્યારે તેઓજ પોતાના સાહિત્યથી અજ્ઞાત હોય તો પછી તેઓ તેની પુષ્ટિ ને સિદ્ધ કરવામાં શી રીતે સામિલ થઈ શકે ?

આધુનિક નવીન કેળવણી પામેલા તરૂણોએ હવે પ્રમાદ ન રાખવો જોઇએ. તેમણે પોતાના જૈન સાહિત્યની ઉન્નતિ માટે વિવિધ પ્રકારના ઉપાયો કરવા જોઇએ. પોતાના સાહિત્યમાં કેવી મહત્તા અને નીતિબોધ રહેલો છે, તે સારી રીતે મનન કરી વાંચવો જોઇએ.

જૈન ગદ્ય અને પદ્ય સાહિત્યના વિસ્તૃત ક્ષેત્રમાં ભાગ્યેજ એવો ભાગ હશે કે જેમાં ધર્મ, નીતિ અને વ્યવહારના બોધનો કલ્પના સહિત રંગ સર્વોત્તમ નહીં ગણાતો હોય ! જૈન પદ્યના ગુણ દોષ વિષે નવીન સુધારાની પદ્ધતી પ્રમાણે કદાચ મતભેદ હશે અને કેટલાક વાચકોને જૈન પદ્યનું પ્રાચીન પીંગળ,પ્રાકૃત ભાષાના શબ્દોનું મિશ્રણ તથા શબ્દાન્વય જોઈએ તેટલા રૂચિકર લાગતા નહીં હોય, પણ જો કોઇપણ જૈન કે ઇતર વિદ્વાન તેમાં પોતાની બુદ્ધિ ફેરવી તેનો નિષ્પક્ષપાતપણે વિચાર કરશે તો તેમને જણાશે કે, ધર્મ ભાવનાને દૃઢ કરવા સાથે જગત્ તથા જન સ્વભાવને વર્ણવવામાં અને મનુષ્ય હૃદયની ઉર્મિઓનું પૃથક્કરણ કરવામાં જૈન લેખકોએ પ્રદર્શિત કરેલી ઉત્કૃષ્ટ શક્તિ સર્વત્ર નિર્વિવાદપણે લોકોપયોગી છે. કેટલાએક પુસ્તકોની ચરિત્રરૂપે રચાયેલી બોધક ચમત્કૃતિ એટલી બધી છે કે, અન્ય સાહિત્યમાં હજુ સુધી ભાગ્યેજ તેવો ચમત્કાર જોવામાં આવ્યો હોય.

જૈન સાહિત્યમાં કલ્પના કરતાં યથાર્થ વસ્તુના વિચારો ઘણાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રૌઢ છે. લોકપ્રિયતા અને રસિકતામાં જૈનસાહિત્યે સારો વિજય મેળવેલો છે. જૈન ચરિતાનુયોગમાં કદિ કાલ્પનિક કથાઓનું દર્શન થતું હશે, પણ તે કથા હેતુગર્ભિત છે અને તેને ઉપનય નામ આપી તેની સંકળના કરેલી છે. તેમાં ઉપમિતિ ભવ પ્રપંચા નામની કથામાં જે અદ્ભુત ખુબીઓ પ્રદર્શિત કરી છે, તે અકથ્ય છે. તે શિવાય પ્રબંધો અને રાસોમાં જૈન કવિઓએ જન સ્વભાવના ચિત્રો સાથે ધાર્મિક બોધ એવી રીતે આપ્યો છે કે, તેના જેવી રચના ઇતર સાહિત્યમાં ભાગ્યેજ જોવામાં આવે છે. મધ્યમ કાલીન સમયની રીતભાત ઉત્તમ પ્રકારે આલેખી શ્રાવક સંસારના શુદ્ધ સ્વરૂપને દર્શાવનારા પ્રસંગો અને તેની અંદર રહેલા ગુણદોષો એવી સુબોધક પદ્ધતીમાં વર્ણવ્યા છે કે,જે ઉપરથી માણસ પોતાના પ્રવર્ત્તનમાં સુધારણા કરવાને પ્રવર્ત્તે છે અને આત્મિક ઉદયનો મહા માર્ગ ગ્રહણ કરવા ઉત્સુક બને છે. જૈન કવિઓમાં યોગ્ય શબ્દોથી વિવેચન કરવાની અસાધારણ શક્તિ રહેલી છે. તેમનો કલ્પનાઓના વર્તુલમાં ધાર્મિક અને દયામય લાગણીઓ રમ્યા કરે છે, તેથી સાહસિક ઉત્સાહ, શૌર્યનું સાદૃશ્ય, શક્તિ, ભક્તિ અથવા માધુર્યથી ભરેલા તત્ત્વોના વર્ત્તનની પ્રતિમાઓ જૈન લેખકોના હૃદયમાંથી ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે. સંસ્કૃત. માગધી કે ભાષાના લેખોના આકારમાં ગોઠવાએલ વસ્તુને તેઓ એવી રીતે દર્શાવી શકે છે કે જેથી હૃદય ઉપર પ્રતિબોધની છાયા પડયા વિના રહેતી નથી. તેનાથી આનંદને વ્યક્ત કરનારી સુંદરતા પ્રગટ થાય છે. અને મનોહર મધુરતા વર્ષે છે. કેટલાએક જૈન કવિઓ પોતાની કવિતાથી અંતઃકરણને હલાવે છે અને રમ્ય આનંદોર્મિ પ્રગટ કરે છે. તેમણે કાવ્યની સુંદરતાની સફાઈમાં ઉમેરેલા ચમત્કારના તત્વો આત્માને જાગ્રત કર્યા વિના રહેતા નથી.

જૈન કવિઓના ગદ્ય લેખોમાં સર્વ રસોની સાથે અદ્ભુત રસનું વિશેષ દર્શન થાય છે અને તેનાં સહચારી ભાવોમાં ધર્મના અંગભુત દાન, શીલ, તપ, અને ભાવના સ્વરૂપો સારી રીતે દશ્યમાન થાય છે. કેટલેક સ્થળે વસ્તુસંકલના સરલ લાગતી હોય તોપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની અંદર માનસિક પ્રકૃતિને માટે એટલું બધું વિવેચન કહેલું હોય છે કે, જેથી વિજ્ઞાન અને ઉપાય જ્ઞાનની કવિની શકિતઓ અદ્ભુત રીતે દૃશ્યમાન થાય છે. દ્રવ્યાનુયોગ અને કરણ ચરણાનુ-યોગના વિષયો સામાન્ય રીતે રસોત્પાદક ન હોવા જોઇએ કારણ કે, તેમાં દર્શાવેલી વસ્તુઓ ચરિતાનુયોગની વસ્તુની જેમ રસપોષક થતી નથી, તે છતાં આર્હત લેખકોએ તેવા વિષયોમાં પણ રસની નિર્મળ ધારાઓ વહેવરાવી છે.

સર્વ સુંદર વસ્તુ સરખી રીતે સુંદરતા અને પ્રમાણુતા વાલી હોતી નથી, અમુક વિષયને માટે કેટલાક શબ્દો, કેટલાક વિચારો કેટલાક દેખાવો, બીજાના કરતાં વધારે યોગ્ય નીવડે છે. આમ છતાં પણ વિદ્વાન જૈન લેખકોએ લેખ્ય વસ્તુને સરખી રીતે સુંદરતા અને પ્રમાણુતા વાલી કરવાને પ્રયત્ન કરેલો છે. સુંદરતાના અલંકારમાં ધર્મને પ્રથમ પદ આપી પરિચ્છેદક કલ્પનાની શકિત પ્રગટ કરી અને સર્વ વસ્તુઓ પર લક્ષ દોડાવી રસમય ગુંથણી કરેલી છે. તેમની કવિતાના વિચારમાં અથવા ગોઠવણમાં વધારે ગંભીરતા અને સુંદર-તા લાવવાને દ્રષ્ટાંતોની રચના અદ્ભુત રીતે કરવામાં આવેલી છે.

આવા જૈન સાહિત્યની ઉપેક્ષા કરવી તે આધુનિક વિદ્વાનોને ઘટિત નથી. સર્વોપરી સત્તાને પ્રાપ્ત થયેલા જૈન સાહિત્ય તરફ જો ઉપેક્ષા રાખવામાં આવશે અને તેને જન સમૂહની સમક્ષ પ્રમાદ કરવા માં આવશે તો તે મનોહર અને રસ દાયક સાહિત્યને મોટી હાનિ પોહોચ્યા વિના રહેશે નહિ. તે વિષે આપણા મહાનુભાવ વાદિસિંહ અભયદેવસૂરીના વચનો સદા સ્મરણ કરવા યોગ્ય અને મનન કરવા યોગ્ય છે.

શ્રી જૈન ઇતિહાસમાં છ શ્રી અભય દેવસૂરિ થઇ ગયેલા છે. તેઓમાં પાંચમા **અભયદેવસૂરિ** જૈન સાહિત્યના વિશેષ ઉપાસક હતા. તેઓ રૂદ્રપાલીય ગચ્છમાં થયેલા **વિજયેંદુસૂરીના** શિષ્ય હતા. સંવત ૧૨૦૪ ના વર્ષમાં તેઓ આ ભારત વર્ષને અલંકૃત કરતા હતા. તેમણે કાશીમાં આવી વૈદિક વિદ્વાનોની સાથે ભારે શાસ્ત્રાર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યો હતો અને મોટો વિજય મેળવ્યો હતો. આથી કાશીના રાજાએ તેને વાદિ સિંહનું બિરૂદ આપ્યું હતું. તે મહાનુભાવે જૈન સાહિત્યની વૃદ્ધિ કરવાને "જયંતવિજય" નામે મહાકાવ્ય રચેલું છે. તે કાવ્યમાં તે મહાનુભાવે શબ્દ અને અર્થમાં એટલી બધી અદ્ભૂતતા દર્શાવી છે કે, જે વાંચવાથી હૃદય રસતૃપ્ત અને આનંદ મગ્ન બની જાય છે. જ્યારે એ મહાકાવ્ય સંપૂર્ણ કર્યું, તે વખતે તેમણે પોતાના શિષ્યોને કહ્યું હતું કે, "શિષ્યો, તમે આ કાવ્યનું અધ્યયન કરી તેવા કાવ્યના કરનારા થાઓ અને જૈન વાઙ્મય (સાહિત્ય)ની ઉન્નતિ કરવામાં સદા તત્પર રહો, જો તમે તે તરફ ઉપેક્ષા રાખશો તો તેનો વિચ્છેદ થઇ જશે."

તે મહાનુભાવ અભયદેવસૂરિના આ વચનો જૈન સાહિત્યને માટે કેવા સુબોધક છે? તેનો વિદ્વાન્ મુનિઓએ અને વિદ્વાન્ શ્રાવકોએ મનન પૂર્વક વિચાર કરવો જોઇએ અને પોતાના જૈન સાહિત્યની સેવા કરવાને સદા ઉત્સાહિત બનવું જોઇએ.

## શ્રાવિકા કર્ત્તવ્ય.

પૂર્વ કાલે આપણા પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાને તીર્થરૂપ ચતુર્વિધ સંઘની સ્થાપન કરેલી છે. જેમાં ચોથા પ્રકારના સંઘ તરિકે શ્રાવિકાઓનો સમાવેશ થાયછે. શ્રાવિકા યાને સ્ત્રી તેના પદની સાર્થકતા કેવી રીતે થાય અને યથાર્થ શ્રાવિકા ક્યારે કેહેવાય તે વિષય લખવાનો આ મૂળ હેતુ છે.

સ્ત્રીઓની પ્રથમ વય બાલ્યાવસ્થા છે જેમાં સ્ત્રી કેળવણી લેવાની છે. બીજી વધૂ અવસ્થામાં પતિ સેવા, ગુરૂભક્તિ અને વડિલોની આજ્ઞાનુ પાલન કરવું તે કર્તવ્ય છે. માતાવસ્થામાં ગૃહકાર્ય કુશલતા, સદાચાર, પતિસહાય, અને બાળરક્ષણ વિગેરે કરવાનું ત્રીજું કર્ત

૧ આ વૃત્તાંત કાઠીઆવાડમાં આવેલા વેરાવળ બંદરમાં એક યતિ (ગોરજી) પાસેથી સાંભળ્યું હતું અને આવા ભાવાર્થનો સંસ્કૃત શ્લોક પણ વાંચેલો હતો, પણ તે હાલ પૂરો ઉપસ્થિત ન હોવાથી તેનો ભાવાર્થ લખવામાં આવ્યો છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્ય છે. અને છેલ્લી વૃદ્ધાવસ્થામાં પુત્ર પુત્રીઓને શિક્ષણ આપવાનું તથા ધર્મકાર્ય સાધવાનું કર્તવ્ય છે. આ ચાર અવસ્થાનું યથા યોગ્ય પાલન કરનારી સ્ત્રી ખરેખરી શ્રાવિકા કેહેવાય છે. પૂર્વ કાલે આવી હજારો વનિતાઓ આ ભારત વર્ષમાં વસતી હતી.

હુવેચ ૨ કર્તવ્યમાં મુખ્ય કર્તવ્ય (પ્રથમ વયનું કર્તવ્ય) સ્ત્રી કેળવણી (ધાર્મિક અને વ્યવહારિક) પ્રાપ્ત કરવાની છે; બન્ને પ્રકારની કેળવણી પામેલી સ્ત્રી આ લોક તેમજ પરલોકનું હિત સાધી શકે છે તેટલુંજ નહિ પરંતુ પોતાના કુટુંબનું કોમનું અને વધારામાં દેશનું પણ કલ્યાણ કરી શકે છે; અને તેવી યથાયોગ્ય કેળવણીથી ધર્મ અર્થ અને કામ તે યથેચ્છ ફળનો સ્વાદ લઈ છેવટ પોતાના આત્માનો મોક્ષ પણ કરી શકે છે.

હાલમાં કેટલીક સ્ત્રીયો કેળવણીનો અર્થ વાંચન, લેખન તથા શિક્ષણ લેવું તેટલો સમજે છે—પણ તેમ નથી. કેળવણીનો અર્થ કોઈ પણ બાબતનું નિયમ પૂર્વક જ્ઞાન એવો થાય છે પછી તે ઉત્તમ પ્રકારના પુસ્તકોના વાંચનનું હો, ધાર્મિક ક્રિયા તથા આચાર જાણવાનું હો, રાંધવા અથવા ઘરની અંદર ધાન્ય, વાસણ કુંસણ, ફરનીચર, રાચરચીલા અથવા બીજી કોઇપણ વસ્તુઓની સુવ્યવસ્થા કરવાનું હો, ઘરનો હીસાબ રાખવાનું હો, એ કામોમાં તેમજ સ્ત્રીઓને ઉપયોગી એવા બીજા દરેક કામોમાં ડહાપણ ચતુરાઈ તો જોઇએ તેથી તેવી જાતનું જ્ઞાન યા ડહાપણ તે નિયમસર કેળવણી લેવાથીજ મળી શકે છે. આવી રીતે નિયમસર મેળવેલ જ્ઞાનથી આ સંસારમાં આવતા અનેક દુષ્કર કાર્યમાં પણ અડગ રહી તે કરવાને ફતેહમંદ યાને શક્તિમાન થઈ શકે છે.

બીજું કર્તવ્ય વધૂ અવસ્થામાં કરવાનું છે. લગ્ન થયા પછીની અવસ્થા વધૂ અવસ્થા કહેવાય છે. વધૂ અવસ્થામાં સ્ત્રીએ પોતાની પતિસેવા, વડિલ પુરૂષોની ભક્તિ અને તેઓની આજ્ઞા ઉઠાવવાની છે. સાસરામાં જે વડિલો હોય તેને માતાપિતા સમાન ગણી તેમની મરજી સાચવવી, તેમનો પ્રેમ સંપાદન કરવો, ગૃહકાર્યમાં તત્પર ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેવું, સર્વનો વિનય કરવો, અને પોતાના ગૃહકાર્યમાંથી પરવારી (સમય બચાવી) ઉત્તમ પ્રકારના ધાર્મિક અને શુદ્ધ આચાર વિચારના તેમજ નીતિના બોધક પુસ્તકો વાંચવા, અને તેમાંથી બોધ લઇ પોતાના આત્માને સુશિક્ષિત બનાવવો, અને પોતાના સંબંધમાં આવતી બીજી સ્ત્રીઓને તેનો લાભ આપવો.

આ પ્રસંગે એક વાત ખાસ યાદ રાખવાની છે કે યૌવન વય, ગૃહવૈભવ, રૂપ, અને પતિનો ગમે તેટલો પ્રેમ હોય તો પણ તેના મદમાં તણાવું નહિ. કારણકે તેથી સ્ત્રીઓના શીલરૂપ શણગાર વખતે ખંડિત થવાના સાધનરૂપ થાય છે. તેવા કોઈ સંયોગમાં તન, મન અને ધનથી શીયલનું સર્વદા રક્ષણ કરવું. કારણકે સ્ત્રીઓનું પરમ આભુષણ, જીવન અને સર્વસ્વ છે. અને તેવા પરમ આભુષણરૂપ પવિત્ર શીયલ વ્રતથીજ પૂર્વે અનેક સ્ત્રીઓ પોતાનું નામ આ આર્યાવર્ત્ત ઉપર અમર રાખી ગયેલ છે.

ત્રીજું કર્તવ્ય, માતા તરિકેનું છે. માતા તરિકે ફરજ બજાવવાની તે હજાર માસ્તરો પોતાના એક નીશાળીયા માટે જે કરે તેટલી એક કેળવાયેલી માતા પોતાના ફરજંદ માટે કરી શકે છે. આ અવસ્થાએ પોતાના પતિને તેમના માતપિતા તરફ સદા ભક્તિભાવ કેમ રહે, તેવી યોજના કરવાની છે. જો કોઈ સ્ત્રી સ્વતંત્ર ગૃહણી થવાની ઇચ્છાથી જો વડિલો સાથે એકત્રતા ન હોય તો, પોતાના પતિ પ્રેમમાં તણાઈ વખતે તેમના માબાપની આજ્ઞા વિરૂદ્ધ વર્ત્તવા તૈયાર થઈ જવાના દાખલાઓ બને છે. આવા હજારો દાખલા આપણી દૃષ્ટિએ દેખાય છે અને તેવા પ્રસંગોમાં અનેક વૃદ્ધ માબાપોને તેમના અનેક ઉપકારો ભૂલી જઇ પુત્રે અને પુત્ર વધૂએ બેદરકારી રાખી તજી દીધાના દાખલા છે.

માતા તરિકેનું ખરેખરૂં કર્તવ્ય બાળકનું રક્ષણ છે. પ્રથમ બાળકોનું બે રીતે રક્ષણ કરવાનું છે. શારીરિક સંભાળ રાખવી તે, તેમજ બીજું તેને સારૂ શિક્ષણ આપવું તેમજ કોઇ પણ જાતનો દુર્ગુણ તેનામાં દાખલ ન થવા દેવો તેવી સંભાળ રાખવી તે બંને પ્રકારની જવાબદારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાને ફરજ માતા અવસ્થામાં સ્ત્રીએ અદા કરવાની છે. કારણ કે બાળકમાં માતાનું વચન પિતા કરતાં દશ ગણું વધારે છે તેવું વિદ્વાન માણસોનું કહેવું છે. આપણી ભવિષ્યની સ્થિતિ સુધારવી એ આપણા બાળકોના હાથમાં છે. અને આપણા બાળકોને સુધારવા તે સ્ત્રીઓનાં હાથમાં છે. બાળ શિક્ષણ અને બાળ રક્ષણ સંબંધી ખાશ જ્ઞાન મેળવવાની માતા થનારી કોઇ પણ સ્ત્રીની ફરજ છે.

ચોથું કર્તવ્ય વૃદ્ધાવસ્થાનું છે. તેમાં પુત્ર પુત્રીઓને યોગ્ય શિક્ષણ આપવું, ધર્મ સાધન કરવું વિગેરે બજાવવાનું છે.

પૂર્વના શુભ કર્મને લઇને મનુષ્ય જન્મ પ્રાપ્ત થયેલ હોવાથી શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ, તથા શુદ્ધ ધર્મનો મળેલ યોગ વ્યર્થ જવા દેવો નથી પરંતુ ધર્મારાધનથી સાર્થક કરવાનો છે. જો કે સ્ત્રી યા પુરૂષ બંનેને બાલ્યાવસ્થાથી માંડીને જીંદગી પર્યંત ધર્મ સાધન કરવાનું છે તો પણ સાંસારિક અનેક ઉપાધિમાંથી મુકત થવાની અવસ્થા છેવટે વૃદ્ધાવસ્થા છે. જેથી છેવટે તે અવસ્થામાં અવશ્ય ધર્મ કરણી કરવી ઉચિત છે. જેથી તે અવસ્થા તે રીતે ઉપયોગ કરવા સદા તત્પર રહેવું.

ઉપર બતાવ્યા મુજબ આ ચારે પ્રકારની અવસ્થામાં બતાવેલા કર્તવ્યો સદા સ્મરણમાં દરેક સ્ત્રીઓએ રાખી તે પ્રમાણે વર્તવાથી સ્ત્રી જન્મની સાર્થકતા કરી કહેવાય છે.

આવી રીતે સાર્થકતા કરનારી પૂર્વ કાલે થઇ ગએલ અનેક વીદુષીઓના નામ જૈન યાને અન્ય સતી મંડલમાં વર્ણવેલ છે તેમનું ચાતુર્ય, સતીપણું અને ધર્મિપણું જૈન અને બીજા ઇતિહાસ જોતાં અપ્રતિમ માલમ પડે છે. તેમના પવિત્ર નામો આર્ય ઇતિહાસના પાનાઓ ઉપર અત્યંત ઝળકી રહેલા છે, એટલુંજ નહિ પરંતુ તમામ પ્રજામાં દૃષ્ટાંત લેવા, અને અનુકરણ કરવા યોગ્ય થઇ પડયાં છે.

પૂર્વે થઇ ગયેલ તેવી પવિત્ર સ્ત્રીઓના શીયલ, અને શૈર્ય ભરેલી હીંમતની વાત આપણને વાંચતા, વિચારતા, અને સાંભળતાં આશ્ચર્ય અને આનંદ ઉત્પન્નથતાં ચકિત કરી નાખે છે. તેટલુંજ નહિં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ પોતાનું સ્ત્રીપણાનું અપૂર્વ પરાક્રમ બતાવી પાછળની પ્રજાને પોતાના શુદ્ધ અને પવિત્ર વર્તન અને સખાવતની સજ્જડ છાપ સારી રીતે બેસારી ગયેલ છે. એમ માલમ પડે છે. છેવટે જૈન શાસન દેવતા સર્વ સ્ત્રીઓને એવી સદ્બુદ્ધિ આપો, અને ચારે કર્તવ્યમાં પ્રેરો અને સ્ત્રી વર્ગનો સર્વથા તેવો વિજય થાઓ એટલોજ આ લેખનો હેતુ છે. V.

# વર્તમાન સમાચાર.

## શ્રી સુરત શેહેરમાં મહોપકારી સ્વર્ગવાસી મહાત્મા શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજની મૂર્ત્તિની પ્રતિષ્ઠા.

ગયા માગશર માસના વદી ૩ શુકરવારના રોજ શ્રી સુરતમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથજી મહારાજના મંદિરમાં સીરોહી સ્ટેટના માજી દિવાન સાહેબ મેલાપચંદજી આનંદચંદજી ના તરફથી બડી ધામધુમથી કરવામાં આવી હતી. ઉકત દિવાન મેલાપચંદજીની ગઇ શાલમાં તેમની હૈયાતીમાંજ આ અપૂર્વ કાર્ય કરવાની ઇચ્છા હતી પરંતુ ભવિતવ્યતા તેવી બળવાન ન હોવાથી તેઓ ગઈ શાલમાં સ્વર્ગવાસી થયા હતા, પરંતુ પોતાના પુત્રોને તે કાર્ય પોતાની પાછળ ઉત્તમ રીતે કરવાનું કહેલ હોવાથી ગઇ માગશર વદી ૩ ના રોજ ઉક્ત મહાત્માની મૂર્તિની પ્રતિષ્ઠા તેમના સુપુત્રોએ કરી છે. આ પ્રસંગને લઈને ત્રણ અઠ્ઠાઇ મહોત્સવ પણ થયા હતા. એક અઠ્ઠાઇ મહોત્સવ દિવાન મેલાપચંદજી તરફથી બીજો શેઠ કપુરચંદ તરફથી અને ત્રીજો ગુજરનાર શા. મોતીચંદ નાનચંદ ની વતી તેમના ભાણેજો શેઠ જેચંદભાઇ તથા નરોતમદાસ હીરાચંદ તરફથી કરવામાં આવેલ છે. જેમાં ત્રીજા અઠ્ઠાઇ મહોત્સવમાં તો ખાસ પાટણથી સારા ભોજકોને બોલાવવામાં આવ્યા હતા જેથી લગભગ એક મહિના સુધી ઉત્તરોત્તર દરેક દિવસ આંગી ભાવના પૂજા વિગેરેનો ચડતો રંગ હતો. દરેક અઠ્ઠાઇ મહોત્સવવાળાઓ તરફથી સ્વામીવાત્સલ્ય, સંઘો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરેના જમણો પણ આપવામાં આવેલા હતા. અને અષ્ટોત્તરી મહાસ્નાત્ર પણ આ ઉત્તમ કાર્યને અંગે ભણાવવામાં આવેલ હતું.

(મળેલું)

## નવા જૈન ગ્રેજ્યુએટ.

કપડવંજ નિવાસી મી. વાડીલાલ શંકરલાલ આ સાલ યુનીવરસીટીની બી. એ. ની પરીક્ષામાં પસાર થયા છે. આ જૈન યુવક ત્યાંના રહીશ શેઠ શંકરલાલ વીરચંદના પુત્ર છે. આ જૈન બંધુ ત્યાંની પોતાની જ્ઞાતિમાં પ્રથમ પાસ થયેલ હોવાથી ત્યાંની જ્ઞાતિને ખુશી થવાજેવું છે. બીજી ભાષા સંસ્કૃત લીધેલ હોવાથી અને તેમાં પણ તેઓ સારા અભ્યાસી હોવાથી તે વધારે ખુશી થવા જેવું છે. અમો તેઓને ધન્યવાદ આપીયે છીયે અને ભવિષ્યમાં પોતાના આ અભ્યાસ સાથે ધાર્મિક અભ્યાસ વધારી કોમની સેવા બજાવવા ભાગ્યશાળી નિવડો એવું ઇચ્છીએ છીએ.

## " સુધારો. "

આ માસિકના ચાલતા વર્ષના અંક ત્રીજા, ચોથામાં પ્રુફ જોનાર અને પ્રેસના દોષથી છાપવામાં ભૂલ થયેલી છે જેથી નીચે પ્રમાણે સમજવું.

૧ ગતાંક ત્રીજાના પા૦ ૮૪માં સર્વ મળી શાશ્વતિ નદીઓ તીર્છાલોકમાં ૧૪૫૬૦૦૦ સંખ્યાવાળી છે એમ છપાયેલ છે, તેને બદલે સર્વ મળી તે શાશ્વતિ નદીઓ જંબુદ્વીપમાં છે એમ સમજવું; અને માગધાદિ તીર્થ સંખ્યા, તથા સુવર્ણમયમેરૂ, તેમજ કંચનગિરિ, ગજદંતા, વખારાદિ વિગેરે મળી ૨૬૯ પર્વતો તથા ચોત્રીશ વિજય એ તમામ જ્યાં " તિર્છાલોક " માં છે એમ છપાયેલ છે, ત્યાં તેને બદલે જંબુદ્વીપમાં છે એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ "ઉર્ધ્વલોક, તીર્છાલોક, અને ભુવનપતિઆદિ નિકાયોને" વિષે જિન ભુવનોની સંખ્યા સાતક્રોડ બહોતેરલાખ જેટલી છે એમ છપાયેલ છે, તેને બદલે એકલા ભુવનપતિ પતિમાં છે એમ સમજવું તેમજ તેની નીચે જે જિનબિંબોની સંખ્યા છે. તેપણ તેમાંજ છે; એમ સમજવું.

ઉપરોકત પાનામાં જણાવેલ ત્રણ લોકમાં સર્વ મળી આઠક્રોડ છપનલાખ સતાણું હજાર ચારસો ને છયાસી જિન ચૈત્યો છે અને નવસો પચીશ ક્રોડ ત્રેપનલાખ અઠયાવીશ હજાર ચારસો અઠયાસી જિનબિંબો છે.

ગતાંક ચોથાના પા–૧૦૭ માં આઠ સમયથી માંડીને બે ઘડીમાં એક સમય ઓછો તે અંતર્મુહૂર્ત કહેવાય છે એમ જણાવેલ છે તેને બદલે જઘન્ય અંતર્મુહુર્ત નવ સમયનું હોય છે અને ત્યાંથી શરૂ થાય છે.

તેજ અંકના પા -૧૧૪માં શુકલ ધ્યાનનો બીજો પાયો "એકત્વ પૃથકત્વ અવિચાર કહેલો છે" તેને બદલે "એકત્વ વિતર્ક અવિચાર" સમજવો અને તેમાંજ "ત્રીજો પ્રકાર પૂર્ણ કર્યા પછી अ इ उ ऋ ऌ પંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર જેટલા સમયમાં નિવાર્ણ પદ પામે છે એમ જણાવેલ છે તેને બદલે ઉકત પંચ હ્રસ્વાક્ષરનો કાળ ચૌદમાં ગુણસ્થાનનો છે અને ત્યાં ચોથો પાયો હોય છે અને તેટલા સમયમાં નિર્વાણ પદ પામે છે એમ સમજવું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પુસ્તક પહોંચ.

નીચે લખેલા પુસ્તકો અમોને ભેટ દાખલ મળેલા છે જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

પાક્ષિક સૂત્ર
અધ્યાત્મમતપરિક્ષા
કલ્પસૂત્ર વૃત્તિઃ
} શેઠ દેવચંદ લાલભાઈ શ્રી મુંબઇવાળા તરફથી.

જૈન વ્રત ક્રિયા વિધિ—મુનિમહારાજશ્રી ભકિતવિજયજી મહારાજ તરફથી.

દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ—મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ તરફથી.

શ્રી ભકત માસિક—શ્રી ભકતમાસિકના અધિપતિ શ્રી અમદાવાદ તરફથી.

૧ શ્રીમદ યશોવિજયજી જ્ઞાનસાર--અષ્ટક લખેલી પ્રત.
૨ નયપ્રદિપ લખેલી પ્રત
} શા. હરીચંદ છગનલાલ ભાવનગરવાળા તરફથી ભેટ.

## આ માસમાં નવા થયેલા માનવંતા મેંમ્બરો.

૧ શા. ચુનીલાલ પ્રેમચંદ શ્રીસુરત બીજા વર્ગના લાઇફમેમ્બર

૨ શા. નાનચંદ ફુલચંદ શ્રી સુરત ”

૩ ઝવેરી ખીમચંદ નાનાભાઈ શ્રી મુંબઇ ”

૪ શા. દલીચંદ વખતચંદ ડાહ્માભાઈ ખંભાતવળા—મુંબઈ પેહેલાવર્ગના વાર્ષિક મેમ્બર

૫ વકીલ વૃજલાલ દીપચંદ શ્રી ભાવનગર ”

For Private And Personal Use Only